# અક્કલનો ઓથમીર

અથવા

# ગામડીયો ગમાર.

## ( હાસ્યરસથી ભરપુર વાર્તા )

લેખક,

સ્વ૦ મણિલાલ એન. ભાડાવાળા.

પ્રકાશક,

ધી "ગુજરાતી" સાહિત્ય મંદિર.

સલાબતપુરા—સુરત.

સોલ એજન્ટ—શ્રી "નવચેતન" પુસ્તકાલય.

ટાવરરોડ, પોલિસ ચાર્કી સામે—સુરત.



આવૃત્તિ ૪ થી. [illegible] પ્રત ૨૦૦૦.

સુરત બરહાનપુરી ભાગળ ઉપર આવેલા શ્રી "અનાવિલ" પ્રિ. પ્રેસમાં રઘુભાઈ લલ્લુભાઈ દેસાઈએ છાપી.

કીમત ચાર આના.

શ્રી ૧૧

શ્રી ગણેશાયનમઃ

# અક્કલનો ઓથમીર

અથવા

# ગામડીયો ગમાર.

## ભાગ ૧ લો.

### પ્રકરણ ૧ લું.

અરે! અમે તો જરૂર મરમઈ જઇશું!

સુરત બંદરની પાસે બારડોલી તાલુકાના મોતા ગામમાં, ધનાભાઇ કરીને એક કણબી રહેતો હતો. ગામના સૌ લોક તેને ધનાપટેલ કહી બોલાવતા. ધનાપટેલ ઉમરે ત્રીશ વર્ષના, બાંધી કદીના શરીરવાળા એક મહાવર જુવાન હતા. સંતતીમાં આપણા ધનાભાઇને એક પુત્ર અને એક પુત્રી હતાં. પુત્રને સૌ કોઇ દીઆળીના નામથી બોલાવતા, અને પુત્રીને અરખીના નામથી ઓળખતા. દીઆળીની ઉંમર આનથી આઠ વર્ષની હતી, અને અરખી ચાર વર્ષની હતી બન્ને

આગેકેની માતાનું નામ જમના હતું. જેને ગામલોક તરફથી પટલણનો ખેતાબ આપવામાં આવ્યો હતો, જેથી ગામના નાના મોટા સૌ તેને પટલણ કહીનેજ બોલાવતા. જમના પટલણની ઉમ્મર સત્તાવીશથી અઠ્ઠાવીશ વર્ષની હતી શરીર જરા શ્યામ, પણ ચ્હેરો દેખાવડો હતો. વળી ગામડીયો સંસાર ગબડાવવાની બુદ્ધિ સારી હતી જેથી તેઓ આખા ગામમાં પંકાઇ રહ્યાં હતાં. ધનાપટેલ બાપુકો ધંધો ધમધોકાર ચલાવી રહ્યા હતા તેમ તે ચલાવવા તેઓની પાસે સાધન પણ પુરતું હતું ધનાભાઇ પાસે પોણોસોથી સો વીઘા સુધી બાપુકી જમીન, ચાર જોડ સારા મજબુત બળદો અને ગાયો ભેંસનો સારો જથો હતો. તેમજ નોકર ચાકર વીગેરેનો પણ સારો જોગ હતો.

આપણા ધનાભાઇ ગામડીયા ગામના પ્રમાણમાં બહુ સારી સ્થીતીવાળા તરીકે મોતા ગામમાં પંકાઇ રહ્યાં હતાં. ફક્ત અફસોસ અને ગમગીનીની વાત તો એજ છે કે બિચરાને બુદ્ધિ સાથે બારમા ચંદ્રમાનો જોગ હતો. પોતે બુદ્ધિમાં બુડથલ, દેખાવે બાહુક જેવા બીહામણા, લથરપથર! ગમારનો પહેલો નંબર ધરાવના. તેઓએ તેમની આ ત્રીશ વર્ષની જીંદગીમાં મુસાફરી કરી હશે? તો ફક્ત મેતાથી બાન્દોલી સુધીજ? તે પણ વળી કદી કોઇ કામનો પ્રસંગ આવે તો ત્યાં બે વર્ષે એકાદ વખત આપણા ધનાભાઇ બારડોલી જાય ત્યાંથી પણ ભડકી? ભડકી? અડધા થઇ વીલે મોઢે ઘેર આવે, અને જમના પટલણ પાસે આંસુ લુછાવે. આટલી બધી બુદ્ધિની બલીહારી છે છતાં ધન્યવાદ તો આપણા ધનાભાઇને એજ આપવાનો છે કે પોતે જીદ્દ? જડ? અને આપમત કરવાના કામમાં એક્કો કહેવરાવી રહ્યા છે.

આ ભૂડથલ જ્યૂચકના હાથમાં જો સંસારની લગામ આવી હોત તે ધનાભાઇએ કયારનું એ ધપાએનમાં, બનાવી દીધુ હોત પરંતુ દૈવયોગે, પુર્વના સયોગે પટલણ સારા મળ્યા હતા એટલે ધનાભાઇની ધમાલ ધમધેકાર ચલી રહી હતી.

જમના પટલણુ સ્વભાવે શાન્ત, વિવેકી, અને વિચારશીલ, મંત્રણ જેટલા બુદ્ધિશાળી અને ખેતીવાડીના કાર્યમાં કુશળ હતા. એટલે ધનાભાઇનું ગાડું ધમધમાટ ચલી રહ્યું હતુ.

હીઆ.ળ નિશાળે ભણવા જતે અને આ.ગી માતાની મીઠી નજર તળે ખેલવા-કૂદવાનો ધધો કરતી.

એ પ્રમાણે આપણા ધનાભાઇનું નાનકડું કુટુંબ મેતા ગામમાં મોજ કરી રહ્યું છે. એવામાં અચાનક જગદેવી ગાડી હતી બિચારી જમના પટલણનો સુખ સૂર્ય વિપદ વાદળમાં સપડાયો.

એક દિવસ રાત્રે સાડા નવેકને સુમારે આપણા ધનાભાઇ પરસાળમાં ચોરા ઉપર ઢાળેલા ઢોળીઆપર બેઠા બેઠા મોટા નગુરીગડા જેવડો બાડો મોઢામાં ઘાલી ધુમાડાના ગેટેગોટ ઉડાવી રહ્યા છે. બાજુમાં બીજા ઢોલીયાપર બેઠા બેઠા જમના પટલણુ દરબારના સબડકા તાણી રહ્યા છે. હીઆ.ળ ચ.ને અરપણ માતાની ગોદમા બનાઇ ઘસઘસાટ ઉંઘી રહ્યા છે, પટેલ બીડો મોઢામાંથી કાઢી હાથમા ઉભો ઝાલી ટકોરો કર્યો ?

પટેલ—હં ! મકુ હાંભરો કે !

પટલણ—હં ! અં ! એવે ! તીઆરે કંપ બેરા ? બેગ છીંમ ? હું

પટેલ—એમ છે ! તીઆરે જે હાંસર ! ઉ ! તે અવે મમ્મખ જવાનો ? હું છમજી.

પટલણ—હે ? હું કહ્યું ? મુમ્બાઇ ? જવા દો ! જવા દો ! છાનામાના એ મુમ્બઇ ? મુમ્બઇમાં આપડે હારૂં હું કામ છે ! એ છછરીના ? મુમ્બઇના વેદની—તમને કાં ખબર છે ? હતો હાર બનએછતું આવે તીને મુમ્બઇ ! બીજાને તો હારી મુછીબત ?

પટેલ—મુછીબત વરી હાની ? આપડા ગોપારીઓ તંઇ છેની ? હું છમજી ?

પટલણ—તે ગોપારની વહુએજ મને વાત કરી ! કે કણીજી ! બઇરૂ હારૂ મુમ્બઇ ! હારૂ કહેની હારૂ ! ગોજી ! ગોજી ! ને ગંદુગારૂ હારૂ નાહી ! નહી ! કે ઘરીઓમાં રેવાનું ! રાંધણી પણ તેજ ! ને ને નાવણી પણ તેજ ને હારૂ ! હુવાનું પણ તેજ ! હું અકરઇ ? ને ગુઅરઇ જવાય ? મુવું એ મુમ્બઇ ! આપડે નઇ જઇએ બા ! વરી તમને ખબર છે ? હારૂ ! મુમ્બઇ ગામમાં વાડાનું તો નામજ નીમલે ! ને કુવો ગો કેથો ઇ ધરમહગ ! બરમહરામાં એમ તીયારે બાકી તો બબામાંથી કુચુક ! કુચુક ! કલાકબણુ પાણી અવે ! તીમાંથી હમાએ ભરી લેગાનું ! એ હારી મુછીબત ની ? તીઆરે હું ?

પટેલ—જા ! જા ! હારી ગાંડી ! એવું તે હોય ! મમ્મઇ ! એ તો બછ મમ્માઇજ છે ? હેલા માસ્તરને તે આજેજ મે ન્યુછપેપર હાભરૂં ! બછ મમ્મઇ જેવું નથી. તેની હારાની જીંદગી રદ છે ? હું છમજી ? આપડે પણ હવે નીછય કઇરૂ કે બછ મમ્મઇ તો જવુંજ ?

પટલણ—નીછય તો કઇરૂ ? પણ એ ખેપ ખોટા ! આપણને પસંદ નથી હારૂ ! એકનો તમારો છભાવ ઓલીગો ! વરી કોઇ દીવછ ! મોતા ગામના પાદર બાર નીકરેલા નઇ ! ને આમ ઉસ ! મુસ ! ને ભુસ ! મુમ્મઇ જવા તીઆર થાઓ ! એ હારૂ ગમાર જેવું નઇ તો બીજું હું !

**પટેલ**—હાહરી ? તું તો બઉ ડાઇ થેઇ ગઇને હું ? હારી ઉં મમ્મઇ જવા નીકયરો ? તીઆરે કેતી છે ? ગમાર જેવું. હારીને વીઆણ જવું ઓય તો ઝટ ચાલવા માંડે ? આ ખરો ઇન્છાપ ? આ હાભરવું ઓય તો હાંભરી લે ? આપડે તો જરૂર મમ્મઇ જઇહું ? હું છમજી ?

એ પ્રમાણે ટપોટપી આપણા ધનાભાઇની પરસાળમાં ચાલી રહી છે એટલામાં અચાનક બારણું ખખડયું અને એક બાવીશ વર્ષનો જુવાન. કેમ ? પટેલકાકા ? કરતો અંદર ઘુસ્યો.

આવરે પોર્યા ? મોરીયા અતીયારે કયાંથી ભૂલો પઇડો ?

**મોરીયો**—અરે ! નહીરે પટેલકાકા ? એતો જરા છનીઆ દુબરાને તે ગએલો ? પાછા ફરતા તમારી પરહાળમાં દીવો બરતો જોયો ? હારૂ વીચાર કઇરો કે ચાલો જરા પટેલકાકાને છલામ ભરી આવીએ ?

**પટેલ**—મારો હા...રો ? પાકો ઉછતાદ ? ખરા ટાંકણાછર આવી પોંઇચો ! ઠીક ? તઇને હાંભર પોર્યા મોરીઆ ? અવે તો તારા પટેલકાકા મમ્માઈ જવાના ? હું છમજો ?

**મોરીયો**—જાઓ ? જાઓ ? પટેલકાકા ? ગરીબ માણુછની મહકરી હું કરતા ઓહો ? તમારે વરી હું દુઃખ છે ? કે મમ્મઇ જાઓ ?

**પટેલ**—હત ! છછરા ! ગધેડા ! હારા જીને દુખ ઓય ? તેજ મમ્મઇ જતા ઓહે-કેમ ? છછરો ! અજ્જાનખાહ ! હારો ? મમ્મઇનું નાટાલ ! ધનુબાગ બધે ફરી આઇવો પણ હારો તીવોને તીવોજ ? જો હાંભર ! આ ઉં તને છેલ્લાજ શબ્દો કઉં છું ! બઉ આપડે તો અવે જરૂર મમ્મઇ જવાના ? હું છમજો ?

મોરીયો—મે કીધું તે અકરે અકરે છમજો ! પણ એ કાકા આ કાંઈ કેમ ઉદાશ થઈને બેઠા છે ?

પટેલ—એ હારી રમ્મઈનીજ મોંકાણ તો ! એ કે નથી જવું ને મારે બછ જવુ ! ! શું છમજો ?

પટલાણુ—તમારે તો બછ જવું ? છે કાંઈ બીજી ફીકર ? ઉછઆરીની જામ ની મલે ને બિછારા મમ્મઈ જવા નીકલ્યા છે ? છમજાવ ? છમાવ ? હારા ? મોરીયા ? તારા કાકાને ! મુમ્મઈ જેવા મોટા ગામમાં ગમાર જેવા ક્યાંએ ગોથા ખાઈ જશે ?

મોરીયો—હાંબરૂ કે કાકા ? આ કાકી શું કેતી છે ? ગમાર જેવા તે હારી વાતે હાચી ! એવા મોટા ગામમાં તમને અકરામણ થાઆ વગર તો રેજ નહિ ?

પટેલ—હત હરામખોર ? હારા મુરખ કેશ્વેનો ? હકરો ? તું પણ બઈરા કે તે હાચુ માનતો છે ? આઠ દાડા જોવા જુએ તેમાં હું અકરામણ થવાની ઉતી. હરૂ ! જરા ફરી આવીહું ? હેલ ફરી આવીહું ?

મોરીયો—હેલ તો ખરી ! પણ એ હારો જરા વેડ વઘગો તો ખરો ? તમે મોતા ગામ મુકી બાર ની નીકરેલા ને એકદમ ઉચ ! મુચ ! ને બુઢ્ઢેતેકને મમ્મઈ જવા નીકરી પડો ? તે હારૂ વખતે ભડકી ! બડકી જાઓ તીઆરે હું વેઠ થાય ? કેમ કાકા બોઈલા નઈ ? જરા ટાપછી પૂરો ?

પટલાણુ—હોવે ! જોની મોરીયા આવી ગાંડી ઘેલી વાતો કરે છે ? એ બિચારા મુમ્મઈના છપાટામાં ઉડી જાય કે નહિ ? કે ! જોઉં ? મોરીયા ઉડી જાય કે નહિ ?

મોરીયો—અરે બછ તોબા કરો કાકી ? એમના તો તેં શું બાર કાઈડા ? એ હારૂ ? મમ્મઈ જવું તે રમત બમત છે શું ? નીરે

ભાઈ ની ? આપડી ધાનતો કંઈ બેછતી નથી ? એ...છમજ્જે ? પટેલ કાકા છમજી જાઓ ?—મુમ્મઈ જવાનું રેવા દો ? ચાલો મારી હાથે કાલે છુરત ? જુઓ તો ખરા છેલ ?

પટેલ—અરે ચલરે ? અજામભાઈ ? તારા છુરતની એછી ? તેછી ? છાતવાર ? છું છમજે.

**બછ અમે તો જરૂર મમ્મઈ જઈછું.**

આપણા ધનાભાઈના ભેલા કડાકાની સાથે બિચારો મોર્દાબેર હજાર તો ચુપચુપ પસાર થઈ ગયો. જમના પટલણ પણ ધબોધબ બારણાં ઢાંકી, દીવો ધમાએનમાઃ કરી ઢોલીયા ઉપર મુગે મોઢે સુઈ ગયા. તેઓ પોતે પણ ગુસ્સામાંને ગુસ્સામાં નીંદ્રા દેવીને આધીન થયા.

## પ્રકરણ ૨ જું.

### છાબાછ ! માછટર છાએબ છાબાછ !

પ્રિય વાંચક, થયું બીજા દિવસનું પ્રભાત, અને આવી બિચારી જમના પટલણની કમબખ્તી આપણી જમના પટલણ દાતણ આદી સ્નાન સંધ્યા કરી, ઢોરો વીગેરેની વ્યવસ્થાથી પરવાર્યાં, ત્યારે આસરે આઠેકને સુમારે આપણા ધનાભાઈ આળસ મરડી પથારીમાં બેઠા થયા તંબાકુ ખાવાનો ટોપલો ખોળામાં લઈ, આસરે મઝાનો આંગળ, આઠેક લાંબો અને એક ઈંચ જાડો બીડો બનાવ્યો. ઉપર દેવતાનો અંગારો મુકી સળગાવ્યો ધુમાડાના ગોટા ઉડાવતા ધનાભાઈ પાછો જવા ઉપડયા.

અહીં જમના પટલણે દાતણ વીગેરેની સરડ કરી એટલામાં તો પટેલ આવી પહોંચ્યા. દાતણ મોઢામાં નાખી મોટું મોટું ચાવી બે લસરકા આમ ? બે લસરકા તેમ લગાવી લઇ ફાડયો કરી ફેંકી મર્યાં મોડું ધોઇ બોલી ઉઠયા !

**ધનાભાઇ**—કેમરે ! પટલણ ! પછી મુમ્બઇનો વિચાર કર્યો ?

**પટલણ**—અરરૂં મુમ્બઇ ? ને મુઓ તમારો વિચાર હારા તમે તો દાડે દહાડે છેક ગાંડા થતા જતા છેઓ ? તો શું નીતો ! બેઠાની છાનામાના ! નીતો હારૂ કંઇનું કઇ થઇ બેઠછે ?

**ધનાભાઇ**—હારી ફાટી કે શું ? ડહરી ! તું શું કેતી છે ? જા બઇ જવાના ! અમે તો આજે છાંજેજ મમ્મઇ જવાના ! શું છમજી ?

**પટલણ**—હેં ? શું કયું ? આજે છાંજે ?

**ધનાભાઇ**—હોવે ? આજે છાંજે ! છે કાંઇ છવાલ ? બોલી દે જોઉં ? તું શું કેવા માગતી છે ?

**પટલણ**—હારા તમે તે કંઇ ચકડેર જેવા છેઓ કે શું ? જડકા જેવા ? હારા કંઇ છમજો નઇતે માથા શું ફોડાવીઆ કરતાં છેઓ !

**ધનાભાઇ**—એ ડહરી ! છમજની પૂછડી ! છીધો જવાબ નીઆલે ! ને હારી બકબક શું કરતી છે ! બઇ અવે ખલાછ ! શું છમજી આજ છાંજના જયા વીના હારો કોણ રીએ છે ! બોલ શું કેતી છે ?

**પટલણ**—થાકી બાપ હું તો તમારાથી ! હવે તો બે હાથ જોડી કેમ છું જે છમજો ! માથાની ફોડાવીઆ કરો ! ઉં તમારે પગે પડું.

**ધનાભાઇ**—તો હારી ઉંકા કમ છેય ! તું ડહરી મારે પગે પડે ! તો ઉં આખોને આખો તારે માથે પડું એમ છું ! શું છમજી ?

**પટલણ**— કપાર તમારૂં ! રોયડા જેવા ?

**ધનાભાઇ**–હહરી ! કીયાર કીયારની છત્રીઆ કરે તે તારા બાપનું ખધું છે હું ? તે હહરો મારી પાછે કંઈ માંગતો બાંગતો છે હું ? હારી–અમણેકી ઝાલીને અહારીજ લાખા ?

આ પ્રમાણે પ્રભાતના પહોરમાં આપણા ધનાભાઇને બુમો પાડતા સાંભળી તેઓના ભાઇ કેશવભાઇ આવી પહોંચ્યાં પટલણ ત્યાંથી ખસી રાંધણી તરફ ગયાં. ધનાભાઇએ કેશવભાઇને આવકાર કરી બેસાડયાં.

કેશવભાઇ કોણ છે ? તે આપણે અત્રે ખુલાસો કરવો જોઇએ. કેશવભાઇ ધનાભાઇના સગાભાઇ થાએ છે પરશોતમ પટેલે પોતાના મૃત્યુ વખતે બન્ને છોકરાઓના હીસ્સા જુદા કરી આપ્યા હતા જેથી તેઓના મરણ બાદ કેશવભાઇ અને ધનાભાઇ પોત પોતાના કુટુંબોનો જુદોજ વહેવાર ચલાવતા આપણા કેશવભાઇએ બેશતાની સાથેજ રોકઅધ સવાલ કર્યો ?

**કેશવભાઇ**–કેમરે ? અઇલા ધનીયા ? કીઆર કીઆરનો હું બખારો લખી મા કરતો છે ?

**ધનાભાઇ**–કંઇ નઇરે કેછવભાઇ ! એતો હારૂ અમછતુ છેજ ? મેં હારાએ આજે છાંજે મઅમઇ જવાનો વીચાર કઇરો ! ધરમાંથી હારી ના કેતી છે ? આપણો છત્ગાર જરા ગરમ ? અને તાકિછ રીએલો ! એટલે હારી તકરાર થઇ ગઇ ? હું છમજ્ય ?

**કેશવભાઇ**–ઓય–તારી હાયને......ઉં ? મારો છ–છે–રો...ઘું તો કંઇ કંઇ મનછુબા ઉડાવતો દેહું નેહુ ? હારો ગમાર ? તારે વરી તે હું કામ છે હહરા ગધેડા ?

**ધનાભાઇ**–અરે હેલ કરવા જતો છેમ ? હેલ કરવા ! છું

છમજા ! કેશવભાઇ એ તો હારી છે નાગને માથે બીજી કોઇકાઇ ગઇ ! ધનાભાઇ આજે છાજે મુમ્મઇ જવાના, છું છમજા.

**કેશવભાઇ**–કપાળ હહ ! તારૂ હારા એમ ઉંચ મુચ ને ભુચ તે વરી મુમ્મઇ જવાનું ઓહે કે આપડા ગોપારને કાગર લખ પછી જા નીતો એવડા મોટા ગામમાં કઈ આથડહે હહરા બેછની છાનો માનો ? બે દીરછ રેઇને ગીયા.

**ધનાભાઇ**–છીર પટકી મરી જાઓ તો છું થસું અવે આ ધનાભાઇ શબ્દ ફેરવે ! અરે છુ વાત કરો છો હારૂ પરથગીમાં છેકજ અધારૂં વરી ગયું કે હું ! અજુ જાણુતાની ઓત કે ધનાભઇ તો ધારહે તેજ કરહે, છું છમજા.

**કેશવભાઇ**–હમજા મારા દા'દા હંધુએ હમજા હારો જડહા જેવો નાહા પોર્યાની પેઠે જકડ઼ લે છે ! તે છોડતોજ નથી. હારા ખુબ યાદ રાખજે કે હેલા જડ઼ી પાડા જેવી ગત થવાની.

**ધનાભાઇ**–જે ઇછવરે ધારી ઓહે તે થહે ? બી ગીયા હું ? કેછવભાઇ ? એતો માથા મુકવાના કામ છે, છીર જાય કે લાપછી ખાય

**કેશવભાઇ**–ઠંટોલા ખય તીઆરે ! હારા ! વરી ઉંધુ કરે તો ઉંધુજ થાય.

એ પ્રમાણે બન્ને ભાઇઓની તડાતડી ચાલી રહી છે એવામાં રાંધણીમાં ઘુસેલા પટલણ હાથમાં ચાના બે કપ લઇ બહાર આવ્યા. બન્ને ભાઇઓ પાસે એક એક ગોઠવી દુર ખસી ઉભાં રહ્યાં. કેશવભાઇએ કપમાંથી થોડી ચા રકાબીમાં કાઢી ઠંડી થવા મુકી સવાલ કર્યો.

**કેશવભાઇ**—જમના ? આ હાચે ? જનો વરી હું કેતો છે ? હહરો આજે હાંજે મુમ્મઇ જવા વિચાર કરેને હું ?

પટલણુ—એ.વે ? મોટાભાઈ જુવોને ? કાલ છાંજ છાંજના એમજ માથા ફેરાવીયા કરતા છે ? ઉ'તો હારી હમજાવી હમજાવીને થાકી એમની ધીયાનમાંજ ની ઉતરતું ! ઉ' હારી કેતી છેમ જે તમે ગોપારભાયને ફગર લખો ? પછી જાઓ તો તે તમને છામો લેવા આવે. નીતો એવડા મોટા ગામમાં ઇમને હું હમજ પડે ? કોં ? જોઉ' ? મોટા ભાઇ ! હું હમજ પડે ?

કેશવભાઇ—ફપાર હહરાનું ! હારો બગુચક જેવો તો છે ! હારો જડહા જેવો છમજે નઇને છકુઇ મારવા જતો છે ! હારા હમજ ? આ બધા કેતા છે તે તારા મનને ઘાછ કાપતાં છે હું ?

ધનાભાઇ—હ'ઘાએ ઘાછ કાપો કે જુવાર હારો ? જોએ તો વાલ વાડો ! તેની છાકે મારે છું છબ'ધ ! બછ બ'દા તો આજે છજેજ ઉપડી જવાના ! છું છમજા !

આ પ્રમાણે ધનાભાઇની ધમાલ ચલી રહી છે એટલામાં નિશાળના માસ્તર જેઓને ત્યાં આપણા ધનાભાઇએ ન્યુસપેપર સાંભળ્યું છે. તેજ માસ્તર નરભેરામ ત્યાં આવી પ્હોંચ્યા. આપણા માસ્તર નરભેરામ જરા ભણેલા તેમજ દેશ પરદેશની મુસાફરી કરેલી એટલે હુશીયાર અને પટાબાજ તરીકે પંકાતા. વળી આંટી ઘુંટીની બાબતોમાં દરેકને તોડ પીખી આપતા એટલે ગામના સો લોકોને તે વ્હાલા અને પ્યારા પ્યારા થઇ પડયા હતા આપણા માછતર નરભેરામ ઘરમાં ઘુસ્યા કે બન્ને ભાઇઓ બોલી ઉઠયા. આવો માછતર છાહેબ ! પધારો !

બેછો ! બેછો ! કહી કેશવભાઇએ તકીયો ગોઠવી આપ્યો. માસ્તર સાહેબ તકીયે બીરાજમાન થયા કે જમના પટલણે ચાનો કપ આવી ગોઠવી દીધો.

પ્રિય વાંચક હવે તો આપણા ધનાભાઇના ઘરમાં એક નાનકડી મીજલસ જેવો દેખાવ થઇ રહયો. ત્રણે જણા ચા'ની રકાબીઓ હાથમાં લઇ સુસવાડા અને ખુફાડા સાથે ગટકાવવા મંડયા.

જમના પરલણે સુડી અને સોપારી લાવી હાજર કર્યાં. કેશવભાઇ સોપારીનો ચુરો કરી સર્વ ભાઇઓને વહેંચવા મંડયા. ધનાભાઇએ પણ વ્હેલા વ્હેલા પરવારી જઇ એક ખાસો મઝાનો મોટટો બીડો વાળી વિવેક કર્યો

**ધનાપટેલ**—લો, માછતર છાએબ ? બીડી તાણો !

**માસ્તર**—ઓ બાપરે... આવડી મોટી બીડી ! તોબા ! તોબા ! આપણાથી તો નહિ પીવાય.

( વચમાંજ કેશવભાઇ ચીડાઈ બોલી ઉઠયા )

**કેશવભાઇ**—હત ! છછરા ગમાર ? હારા ગધેડા ! માછતર તે વરી એવ્ડી મોટી બીડી તાણી હકે કે ? ઇમને તો બઙ આમ કેવી નાલ્લી હરખી ! લવંગીઆ બીડી જોઇએ ! લાવ ! લાવ ! હારા ! ઉં વારી આપતો છેમ ?

**માસ્તર**—તો શું યાર ? કેશવભાઇ ? આપણા ધનાભાઇનું કામ જરા જંગલી જેવું તો ખરૂં ?

**કેશવભાઇ**—તો હું ! હારો જડહા જેવો ! કાલ છાંજ ! છાંજનો મુમ્બઈ જવાનેજ માથા ફોડાવીઆ કરતો છે ! વરી આજે છાંજેજ જવાનું કેતો છે ! એ હહરાનું થાય હું !

**માસ્તર**—અરે વળી એમ તે કંઇ મુંબઇ જવાતું હશે કે ? સમજો ! ધનાભાઇ સમજો ! કાગળ આગળ લખ્યા પછી જજો, નહિ તો ખાલી ખરાબ થઇ જશો ! ખબર વિના તમો અજાણ્યા ત્યાં કર્યાં

અથડાશો ? બે.લો જોઉં ? તમો મુંબઇ જશો ? તે કયા સ્ટેશને ઉતરશો ?

**ધનાભાઇ**—મુમ્મઇના ડેશણે ઉતરા ? હરૂ એટલુ પણ ભૂલી જવાનો કે ? હું માછતર તમે પણ એ બધાની હાથે મારી મજકરી ઉડાવતા છેઓ !

**કેશવભાઇ**—તોરકુ ? હારા તારા બાપનું ? મમ્મઇનું વરી ડેશણુજ કાં છે ? હહરા ? તે તો ચર્ણીરોટનું ડેશણુ છે ? ચર્ણીરોટનું ? કેમ માછતર છાએબ !

**માસ્તર**—જીહા ! સ્ટેશન તો ઘણાં છે. પણ આપણો ગોપાળ ભૂલેશ્વર લતામાં રહે છે એટલે ચર્નીરોડ ઉતરવું ઠીક પડે.

**ધનાભાઇ**—ઠીક છે ! આપણે પણ તે ચર્ણીગેટ ઉતરહું ? હું છમજ્યો ! જવાના તો આજે છાંજે !

**કેશવભાઇ**—કો ? માછતર ? આ હારાનું હું કરીએ ? એ હહરો ? માનતો ની...ને મારો જીવ તો ઉથલ પાથલ થઇ જતો છે ? હારો બછરાઈ ઉંટ જેવો ? તે કેથો રખડી જતો રેવાનો છે ?

**માસ્તર**—અરે એમ ગભરાઇ શું જાઓ છો ? એનો પણ રસ્તો કાઢીએ ? એમાં શું મોટી વાત છે ?

રસ્તો કાઢવાની વાત આવી એટલે તો આપણા ધનાભાઇ ખુશી ખુશાલી સાથે પોકારી ઉઠયા !

**છાબાછ ? છાબાછ ? માછતર છાએબ ? છાબાછ ?**
**શાઇબો છે રંગ ? હું છમજા ?**

**હુમજાઓ ? હુમજાઓ ? હારા જરઠ્ઠાઓને ? હારા ઘર કુકડાઓ ?**

માસ્તર—જુઓ ? સાંભળો કેશવભાઇ ? એમને આજે સાંજે જવું હોય ? તો ભલે જવા દયો ? તમે ગોપાળને તાર કરી દયો-કે તે સવારે ચર્નીરોડ સ્ટેશન આવી ઉતારી જશે. હજુ ટાઇમ ઘણો છે. જો ફરમાવો તો હું તારને માટે ગોઠવણ કરૂં ? આપ એમના ભાથા વીગેરેની સગવડ કરો પછી છે કાંઇ વાંધો ?

પ્રિય વાંચક, આવો સફાઇ ભર્યો તોડ સાંભળી દરેક જણ ખુશી ખુશી થઇ ગયા, કેશવભાઇએ માસ્તર સાહેબને ઠેકસ આપી ! જમના પટલણે ઓવારણા લઇ કડાકા ફોડયા ? આપણા ધનાભાઇ તો ઠેકડો મારી માસ્તરની છેક નજીક આવી બે હાથે ધબોધબ માસ્તરના વાંસાપર આશીર્વાદો ધબકાવવા મંડયા.

## છાબાછ ? માછતર છાએબ ? છાબાછ.

## પ્રકરણ ૩ જું.

### એ હું શ રાબ. ! તેં હું ભારજે ! !

આટલી બધી ઠેંકસોની વચ્ચે આપણા માસ્તર નરભેરામ તારને માટે સગવડ કરવા ચાલ્યા ગયા. કેશવભાઇએ બે ચાર દુબળાઓને આ બાજુ, પેલી બાજુ દોડાવ્યા. જમના પટલણે રાંધણીમાં ધમાલ મચાવી મુકી. ધનાભાઇ પણ ખુશી ખુશી થતા, મલકતા મુખે, ખોંખારાની સાથે ધુમાડાના ગોટા ઉડાવતા ! ઓટલા ઉપર આવી પહોંચ્યા ? સામેથી મોરીયા હજામને આવતો જોઇ પોકારી ઉઠયા.

**એ આવજો ભાઇ ! અમે તો અવે મગમઇ જઇછું ! શું છમજ્યો !**

મોરીયો—એ હજામ ! પટેલકાકા !

પટેલ—આવ ? પોર્યા એકીજા ? માથું મૂડાવવું છે ?

મોરીયો—અરે કાકા ? આજતો બુધવાર થીઓ ? તમારૂતો રૈવારે મુડવાનું !

પટેલ—તીમાકું ! હારો જાણતોની ઓય કે આ તારો કાકો આજે છ'જે—મમ્મહ જવાનો છે !

મોરીયો—હં એમ છે ! આજે છાંજનુંજ નક્કી થાઉ ? ચાલો ? તીઆરે તો આપડો હંગાથ થવાનો.

પટેલ—કેમ પોર્યા તું પણ મમ્મઇ આવતો છેહું ?

મોરીયો—નઇરે કાકા ? ઉતો છુરત જવાનો છેમ ?

પટેલ—તેં હંગાથ હાનો હરો ગધેડા ? હંતો મમ્મઇ જવાનો છેમ ? છું છમજ્યો ?

મોરીયો—હા હા મુમ્મઇ ? પણ તે છુરત વગર કેં રીવા જાહો.

પટેલ—એમ છે હારૂ ? ચાલો તેં હથે જહુ ! છું છમજ્યો ? આપણો મોરયો પાણી લાવી પેટી જમાવી બેસી ગયો.

મોરીયો—ચાલો પટેલ કાકા બેસી જાઓ.

પટેલ—બેહુ તો ખરો પણ અજામત એવી બને કે આમ છકઇ છેલ જેવી ! છુ છમજ્યો ? બચ્ચા મોરીયા હજામત એવી બને કે બછ આમ તરીમ તરાક છું છમજ્યે.

મોરીયો—અરે તમે બેછી તો જાઓ પછી જુઓ છપાટ..

ધનાભાઇ પલાઠી વાળી, પગપર કટકો પાથરી હાથમાં આરસી લઇ મોરીયાની સામે ગોઠવાઇ ગયા મોરીયાએ દાઢી ઝાલી સટાસટ બોલાવતો સવાલ કર્યો ?

મોરીયો—કાકા ? તીઆરે તમે તો હારૂ આજે છાંજે મુમ્બઇ જવાનાં કેમ !

પટેલ—હા, હા, મમ્મઇ જવાના !

મોરીયો—ઠીક ! પણ તેં હંભારજો ! એ હારૂ કે મોતા કે બારડોલી નથી. તેં તો હારૂ બછ માણુહજ માણુહજ—ને ઘેડા ગાલ્લી ગણુતા થાકી જીએ એટલી; વરી તમે તો તેંના ગાલ્લા જોઇનેજ અકી પડહો ! હારા બરદીયા પણ કંઇ નીહારા ! ને એ કાકા ? હેલા વગર હીંગડાના પાડાની ખુબ હંભાર રાખજો ! નીતો ભુકાજ ઉડી જહે ?

પટેલ—હેં અઇજા–વરીએ હું કેતો છે ? વગર હીંગડાના પાડા ? હારા મેંતો કોઇ દાડે જોયાએ નથી ને હાંભરાએ નથી. હું છમજો ? તારાછમ ? તારે ગરે આથ ?

મોરીયો—નીકઇરા છે કાકા ? અમણાજ છરકારે કઇડા છે ? તમને હું ખબર છે ? વરી હાગને કોણ જાણે હું પ.ઇને દોડાવતા છે કે ભેંભું કરતા આક્યા ! પેલીકા ધુમીયાજ કરે ? આપડુને તો જોઇને ચકરી આવી જાય ?

પટેલ—હારો બીકણુ ? હહરા એવું ઓય તીયારે તો એવા અક્કડ થઇને ઉભા રીએ ! કે હારી ચકરી હું આવી જાય ? ઉંતો બીઉં ! કંઇ નઇ હારાની હામેજ થઇ જાઉં ? હુ છમજો ? તારા છમ ? તારે ગરે આથ ?

મોરીયો—અરે ભુકા ઉડી જાય કાકા ? એ બધી તમારી છકઇ ની ચાલે, જાજું કરો તો હેલા ટોપીવારા ધપ્પા મારે ચાર–ને પાધડું આધડું ગબડાવી દે ? વરી કાકા ? પાડાનું નામ હાંભયરૂં. નાય ?

પટેલ—નહી ભાય ? હારાનું વરી નામ પણ પઇડુ છે હું—

મોરીયો—ઓવે ? ઓવે ! હારા તીને મોટાકાર કેતા છે. હમજ્યાં કાકા.

પટેલ—અરે ગમે તેવો મોટાકાર ઓય નો હું થીઉં-? હારા જો જેની ઉંતો છત્રારી હુદ્ધા કરા ? હારાના કાન ઝાલતો હને છડી બેહા ? છું છમજો ? તારાછમ તારે ગરે આય ?

મોરીયો—કાન ઓય તીઆરે ને-હારો બધેથી બોડોબટ જેવો આવતો છે. છરકાર કંઇ કાચી નથી તો બાવ એવું કંઇ રાઇખુ ઓય તો તો બધાજ છડી બેહે પણ-તાં તો બધું છાફ કલીન છે. નીમરે કાન કે નીમરે હીંગડા ને હારાને પુછડું પણ નઇ ? જોઓ એનો તો કાકા ? તો ઉંતો હારો પુંછડેજ ટીંગઇ જતે ??

લ્યો આ અજામત બની ગેઇ ? તપાછો ! છે આમ છાફ-કલીન —! લી.........સુ લપાક જેવું.

પટેલે માથે અને દાઢીએ હાથ ફેરવ્યો !

પટેલ—વાહ છાબાછ ! દોછ ખરેખરી બની ગેઇ આતો હારા મમ્મઇનીજ અજામત ! જોતો ખરો પોર્યાં ! આ ગાલ હું તકતકે ! હારી દાડી તો લપક ! લપક ! થીયા કરતી છે ! નેએ આ અંઇ તો આય ફેરવીજો ! ધનાભાઇએ મોરીયાનો હાથ ઝાલી માથા ઉપર ફેરવાવ્યો, મારો હા...રો ? ઉંછીઆર ? ઉછતાદ ? કારીગર ઉછતાદ ! મમતો છક નીભાય !

આ સાંભળી હજામભાઇની ચસ્કી ! મોરીયો ફુલાયો ! ઠાવકો ચહેરો રાખી બેલી ઉઠયો !

મોરીયો—અરે કાકા ! ઉછતાદીની હું વાત કરો છો ! ધનુછ બાગની બીચમાં અચ્છા અચ્છા ભાહુકારેને મુડી લાઇખા ! પણ

હેહરાનું મીઝબતજ કંઇની હુારૂ છે. નીતો આ મોરીયાભાઇએ પઇમા દહી ખોડતે હેન કેટ લ્યો છલામ !

પટેલ—ઓય મારો છાકરો અનરેજી સલકારતો રેહુને હું ? અલ્યા પણે તું આવહે કીઆરે ?

મોરીયો—આપ કો તીઆરે આઉં ? ફરમાવો ઉકમ !

પટેલ—અરોબર છાડા બારે આવ ! વાદરની વચમા છુંનારાણ થાય તીઆરે હું છમજો !

સલામ ભરી મોરીયો રવાના થઇ ગયો આપણા ધનાભાઇ પણ ઉઠી, પ ઝગ નાવણી તરફ ચાલતા થયા. નાહી ધોઇ પરવારી રંધણીમાં ઘુસ્યા. પટલણની ધમાલ જોઇ ચીડાયા

પટેલ—આ હું બધી ધમાલ કરી મુકી છે ? હાહરી તારે ઘેર કંઇ તાડી હીરી બાડી હીરી આવી ગેઇ હું ! કઇ પાપડ તરી કાઇડા છે ! ઢેબરાની થોકને થોક ઝીંચી દાધી છે ! એ હારૂં બધું હું ! હું છમજી.

પટલણ—ઓય શું ! મોકાણ મારી ! હારા ચગડોર જેવા ? ખબર ની ઓય કે છાંજે મમ્મઇ જવું છે ! ભાથા વગર ખાહો હું !

પટેલ—મરૂં ભાથું છે ! હાં ! કરો ચોકછ ભાવો ભાણ પીહરો !

પટલણે ભાણુ પીરસી. તઇયાર કરી પટેલ પાસે ગોઠવી દીધું. પટેલ ખાઇ હાથ ધોઇ ઓડકાર ખાતા આગળ પરસાળમાં આવી પહોચ્યા. એટલે કેશવભાઇ ખુમાખુમ કરતા ઘરમાં ઘુસ્યા.

કેશવભાઇ—કેમરે ! ભઇલા ધનીયા ! આહ્ના ચેલીકા હરીયા કરે તે કંઇ જાઇમો ભઇમો કે હારા ભોચડા !

**પટેલ**—ઓઇઆ...શું છમળ ? લુગડાં પેરતાઅવાર ?

**કેશવભાઇ**—ઠીક બઉ હારૂ ! કંઇ આાગુ બગ્રુ ગાંધ્યું ?

(એટલે જમના પટલણુ બોલી ઉઠયા).

**જમના**—મોરભાઇ ઉ તેજ કરતી છેમ ! જુઓ આ હેમરા કરનિ છે ! પાપડ કંધાનો ગુરો કરી લાઇમો છે ! ગોર પાપડીમાં ઘી પણ ઘણું બધું લાઇખું છે. હોંકે મોટાભાઇ ! ઓકે બીચરા આહે ! વળી આંથણા પણ બાંધતી છેમ !

**કેશવભાઇ**—ઠીક, ઠીક, ' વેશાદર તીયાર કરો વેરા થવા આવી છે !

એટલામાં તો આપણા મોરીયાભાઇ ચે-ચું બોલતા જોડા ઢુરી આવી પહોંચ્યા-મોરીયાનો રોફ જોઇ કેશાભઇ ગોતી ઉઠયા.

ઇ......ચેલ્લે ! મારો છૂછ. રો ! કંઇ ખુબ રોપમાં ફરતો દેહુંને હું ? કેથે જતો છેહું પેર્યા !

**મોરીયો**—કેશવકાકા હું હુરત જતો છેમ ?

**કેશવભાઇ**—ચાલો તીયારે તો છાર આનાને બે પંઇ ઉપર-! જો હાંભર પેર્યાં આ તારા ધરાઠાકા મુમ્મઇ જતા છે ! તીને હાથે રાખજે-ને હુરતથી હેલી ગાડીમાં વોરે બેહાડી દેજે નીતો એ હારો તો રાભા જેવો છે ?

**મોરીયો**—તેટલા દોઝતી તો આપવો છેમ ? બરાબર ચોકછ બેહાડી દેવા ચાલો અને તકીદ કરો ? ટેમ થવા આવી છે.

આપણા ધનાભાઇએ કપડાં પહેરવા માંડયાં. રેશમી કોરનું ધોતીયું દોટીની કસોવાલી બંડી ? ઉપર દોટીનું જ બદન તે ઉપર નાનકલાકનો અંગરખો ચઢાવ્યો પાઘડી હાથમાં લઇ સાફસુફ કરી માથે ગોઠવી

આરસીમાં જોઇ આ બાજુ પેલી બાજુ ફેરવી પણ કંઇ મન માન્યું નહી એટલે ધનાભાઇએ પાઘડીને ધોકકર આપવા માંડયો.

ધનાભાઇ—હારી આજે વરી તને હું વાંકું થીયું છે ! હરી ફીયારની મશ્કરીઆ કરતી છે ! અમણાંહી ઝાલીને અફારીજ લાખા.

પાઘડી બીચારી ઉડી ગઈ. એકદમ ડપ દઇને માથા સાથે ચોટી ગઇ. ધનાભાઇ ખુશી ખુશી થતાં ઉઠી ઉભા થયા. બારણાં પાસે આવી જેવો જોડમાં પગ ઘલ્યો કે કેશવભાઇ ખીજાઇ જઇ બોલી ઉઠ્યા

કેશવભાઇ—મેર છોકરા ગધેડા હારા બબુચક આવા જોડા પેરીને તે હાઉ મમ્મઇ જવાતુ હોહે કે હારા કાડી લાખ કાડી લાખ

ધનાભાઇ—તીઆરે પેરું હું ! છોકરો હુંવર ! આપાજી ગોયો તે હવરા મોચાંને તો પાણીનું ટીપું નીઓય તાં વાડવો જોઇએ. હુ છમજ. હારાઓ બધા છવાદ બગાડી લાઇબો !

કેશવભાઇ—અરે હું એમ બી ગયો ! હારૂ ! એમ તે હું કંઇ છેકજ છતીઆનવ વરી ગયું છે હું જાતો પોર્યા પેમલા દોડતો દીકરા આપડે ઘેર તારી કાકીને કીયે કે હેલો કાલે નવો જોડો તેલ પાઇ અડારીમાં મુઇકો છે તે આપે તો.

પેમલો ઉતાવળો ઉતાવળો ચાલતો થયો એટલે કેશવભાઇએ ધનાભાઇને શીખ મણ દેવા માંડી.

જો જે હારા તે હંભારજે ગાડામાં ઉંગતો નઇ નીતો કંઇનો કંઇ તણાઇ જહે ! એતો હારી ગાડીનું કામ રાત ને દાડો ચાલીયાજ કરે વળી કોથરો હાચવજે ?

પેમલો જોડા લઇ આવી પહોંચ્યો વ્હેલા વ્હેલા કેશવભાઇએ હાથમાં લઇ ધનાભાઇના પગ પાસે ગોઠવી દીધા. ધનાભાઇએ માંહે

પગ ઘાલ્યો અને ગોઠું કટાણું કરી પાછો ખેંચી લીધો. કેશવભાઇ બોલી ઉઠ્યા.

કેમ ! કેમ ! શું થાકે જાય ?

**ધનાભાઈ**—મ્હારો જરા નડતો છે શું છમગન.

**કેશવભાઇ**—તીમાં એમ બાયલા જેવે બી શું ગયો ! દાબી દુખાને હડેલી ઘલ. એતો ધીરે રેઇને બન બેદતું આવી રેહે !

કેશવભાઇના કહેવા પ્રમાણે ધનાભાઇએ જોર કરી જોડા ચઢવ્યા સૌ બારણે આવ્યા. પેમલા દુબળાએ સરસામાનનો કોથળો મ્યાનામાં મૂકી દીધો ધનાભાઇ સૌને આવજો હાયવજો વગેરે શબ્દો કહેતા મ્યાનામાં બીરાજમાન થયા. મોરીયો પણ ગોઠવાઇ ગયો.

એ આવજો ! સૌને બોલાવજો ! કાગર બાગર ! લખજો વગેરે અનેક તરાહની કોલાહલ વચ્ચે પેમલા દુબળાએ મ્યાનો ચાલતો કર્યો. ઘનન-ઘનન ઘુઘરા ખખડાવતા બળદો ચાલતા થયા એટલે કેશવભાઇએ મોટેથી ધનાભાઇને ભલામણ કરી.

**એ હારા રાભા ! તેં હુભાઇજે ! !**

## પ્રકરણ ૪ થું.

## એ છલામ પટેલ કાકા ! આવજો !

પ્રિય વાંચક, આ જાય પેલો જાય કરતાં મ્યાનો પાદર બહાર નીકળી ગયો. પેમલા દુબળાએ ગોધાને લલકારી લેવા માંડ્યા. પટેલ અને મોરીયો વાતે વળગ્યા.

પટેલ—પેચ. મોરીયા ! એ દારૂ મગાઇ બહુ વખણાતુ છે તે કેવું ક છે

મોર્નારીયો— અરે કાકા હું વાત કરૂં આજ જાણે પરમેશ્વરને તેનું છાં ટતાનજ હમજને ! જ્યારે મોઢું ભપકા વાળું ગામ જોજો તો આ જ જનું નેઇ કોઇને તમને તો હારી ભડક પેઠી જશે ! ભડક !

પટેલ—જા ! જા ! હારા ઉઠે કશ જોતો આવ્યો છેસ જેહા-ઈને પેઠના કઉં હારી આવે કે ઝલીને ચ્યક્રીજ લાગુ ! હું છરજો !

મોરીયો— એ તો તમે પોંઠકે લીઆરેજ ખાપર પડશે ! દારૂં આકરંઇ અકાઇ ગુમરઇ જવાય ! ઉંહારો ઝટ દમને ભાથગ ને કે તારી માનુ મન્હઇ પચાગે હરા તેરીકી દારૂ કહની હરૂ !

પટેલ—ગંઠ ભાઉ હારા ડોબા ! મમ્મઇ ! એતો બહુ મગરૂઇજ છે ! હુ જાણું !

એમ સટર પટર વાતોના સપાટામાં બાન્ડોલીનું સ્ટેશન આવી પહોંચ્યું. પેગલ ડુંગાએ મકે ફીનો રખ્યો. ધનાભાઇ અને મોરીયો ઉતરી પડ્યા. પનડાએ બળદોને છોડી ગાડાના પૈડા સાથે બાંધી દઇ માથે ફાળીયો ઉપાડી લીધો ત્રણે જણા સ્ટેશન ઉપર આવ્યા મોરીયાએ ટીકીટો લીધી. દ વાગ્યે ઝપાટે અંદર ઘુશ્યા ગાડીનો વખત ભરાઇ ગયો. ઢગો પેસેન્જરોની ધમાલ વચ્ચે ગોટા ઉડાવતી ગાડી સુસવાટા બોલાવતી સ્ટેશન ઉપર આવી ઉભી રહી પેસેન્જરોની ચઢ ઉતર સરૂ થઇ. આગળ મોરીયાએ પણ ધનાભાઇ સાથે ફાળકો લઇ એક ખાનામાં ઘુસી જઇ બારણું બંધ કર્યું ?

ગરમ ચેવડા ! સુરતની ભરડી ! ગુલાબજાંબુ ? સકરપારે ચાઇ ગરમ ? પાનની પટી લાલમલલ ! ઠંડાલાણીયા પાણી, તલક બીડી !

વીગેરે અવાજોના પોકાર વચ્ચે ટન ટન. ટન ટન. ઘંટાનો ઘોષકર્ણ ગોચર થયો. સીટ સીટ સીટીની સાથે ગાડી ચલતી થઇ ! આપણા ઘનાભાઇ સવડ કરી પ્લાટ ફેર્મ ઉપર પાઘડી બાજુમાં રાખી બેસી ગયા. ખીસો મઝાનો બીડો વાળી સળગાવી ધુમાડાના ગોટા ઉડાવતા બોલી ઉઠયા !

પટેલ–જોયુ પોર્યા ! આપણુ છંચા કેવા બનાઇના છે હારૂ ની જોઇએ થોડુ કે ની જોઇએ ગધેડુ ચાવી ચઢાવી કે બસ સુરરરર... સપ દેતુ ચાલજ ! શું છમજ્યો !

મોરીયો–તો હુ હારૂ એ કાકા આપણી ગાલ્લીનું અંજીર કંઇ ચાવી આપ્યાનું નથી, ઇમાં તો હારા કોલછા બારીને દોડાવતા છે.

પટેલ–હં એમજ દેહુ ગોરીયા આપડી રેકડીને ઇની હાથે મેલી ઓય તો હું વેહ થાય કોણ છરત જીને.

મોરીયો–અરે રેકડી એકડીના ભૂકા ઉડી જાય. ને બેળ્તાના બાર વાગી જાએ કાકા જોજ્યે જડહા જેવા કોઇ હાડો એવું કરતા નીતો પરહોતમ દાદાને પાણી પાવા પોંકી જહો

એ પ્રમાણે ઠઠા ઠીઠીમા ચલથાણ સ્ટેશન આવી પહોંચ્યુ ગાડી ઘ્રામી પડી એટલે ઘનાભાઇ બોલી ઉઠયા.

પટેલ–કેમ કેમ હરી આ આમ ડચક ડચક ચાલવા માંડી ? કંઇ ખીલી બીલી નીકરી ગઇ કે હું–જોને તો પોર્યા.

મોરીયો–અરે નહરે કાકા ! એ તો ચલથાણનું ટેછાન આ ઇતુ ! અંઇ પાછી હારી ઉભી રેતી છે તો !

પટેલ–હં તીમાંજ ઉ તો હારો જાણું—કે કઇ આંક બાંક બાઇગીો કે હું. શું છમજ્યો.

એટલે તો સરરરરરરરર......દેતી ગાડી ચાલતી થઇ કેમ કેમ આ હારી નદી હેલુ ઝાડ દેખી ભાકી કે હું જોતો પોર્યા.

મોરીયો–હારા તમે તો છેક ડફેર જેવાજ દેહુ એકા તીયારના હારા ગાંડા જેવાજ થઇ ગીયા છો. હારૂ એટલામાંજ આમ બાવરા બની ગીયા છો. તો તો મમ્મઇમાં તમારા હું વેહ થહે કાકા ડચુ વચ્લુ થેઇ જતું રેવાનું છે જો.

પટેલ–અગે હું વચ્લુ થૈ જાય હારાને એવું જોરથી ભીડી રાખું કે બચ્ચ દુછમન માફક છું જાણજો.

મોરીયો–તે તો તાંજ ખબર પડહે તો! પાછા આવછો તીયારે છલામ કરહું.

પટેલ હું પોર્યા મોરીયા આ હંધા લોકો વાત કરતાં છે કે મમ્મઇ ગામમાં વાડાનું તો નામજ ની મરે, તીઆરે હારા ઢોર કંઇ ચરતા ઓહે ઢોર.

મોરીયો–હત તમારી કી..... મુમ્મઇના ઢોર તે વરી ગાહ ચરતા ઓહેકે અરે એ તો હહના આમ રેવું કેવું ખાઈ!

એમ ગપ્પામાંને ગપ્પામાં ગાડી ઠેઠ સુરત સ્ટેશનની નજીક આવી પહોંચી મીલોનાં ભુંગળાં અને મોટું ટાવર દેખાવા માંડ્યું–આંગળી વતી મીલનું ભુંગળું બતાવી ધનાભાઇ બોલ્યા.

પટેલ–અધધધ......બાપ.. એહે...લુ ઉંચુ! ઉંચુ ને ઘેરૂ! ઘેરૂ! હુ દેખાતું છે!

મોરીયો–(સુકીઠોકી) એજ હુરત એટલી પણ ખબર ની દેહું–જાઓ-જાઓ પટેલકાકા તમે તો છેક ગધ્ધા જેવા છો!

પટેલ–કેમ હારા કાઇટા કે હું હારા ગધ્ધો તારો બાપ હહરા મને હું ખબર કે હારૂ હુરત અવું છે આ તો હારૂ ઉંચુ ઉંચુ ને

લાંબુ તુરીયા જેવું છે આવું હુરત આતો કંઇની હારૂ! ધ-તેનેરીકી હું છમજો એટલે તો ધરૂરૂરૂરૂર.........કરતી ગાડી સુરત સ્ટેશન ઉપર આવી-ઉભી -હી મજુર! મજુર! શેઠ મજુર! એ હરીલાલ આ બજુ વીગેરે અનેક તરાહની કોલાહલ મચી રહી મોરીયાએ પટેલને કહ્યું?

મોરીયો—એ કાકા? હુરત આઇવું!

પટેલ—એમ લે તીયારે આ પાઘડી ઝાલ! હું બેઉની ઉંચકણ કરી કોથરો ઉપાડી લેનો છેમ હું છમજો!

મોરીયો—ના, હુંરામ મજુર કરી લેહુ! ચાર પઇહા ઉડ ડી લ બહુ!

પટેલ—નઇરે ભાય અ-લે કેછવભાઇએ કએલ તેમજ કરવાનો.

મોરીયો—ઠીક ભલે લાવો.

એ પ્રમાણે પાઘડી મોરીયાને આપી માથે કોથરો ઉપાડી ધનાભાઇ ચાલતા થયા. ધીરે ધીરે ધક્કા ખાતુ સરવસલતાન દાદરો ઉતરી દરવાજા ઉપર આવી. પહોંચ્યુ-માસ્તરને કસોમાં બાંધેલી ટીકીટ બતાવી આપણા ધનાભાઇ બોલ્યા!

એ છલામ. માછતર છએબ! અમે તો મમ્મઇ જતા છીએ! હૂ છમજા! આ પોર્યા પાછે પાઘડી છે-ને મારી-છે માથાપરના કોથરામાં ઢેબરા! તરેલા પાપડનો ચુરો! ગોર પાપડી ને બે ચાર જાતના આથાણાં છે! બે લે છૂં વીચાર છે! છોડુ! નાછનો કરવો છે.

માસ્તર એકદમ ચીડાઇ ગયા.

ઓ યુ ડેમ રાસકલ.

કહી એક ધકકો માર્યો એટલે ગપ દઇને આપણા ધનાભાઇ દરવાજા બહાર નીકળી ગયા. મોરીયો પણ ટીકીટ આપી પાછળ સરકી આવ્યો.

ધીરે ધીરે ધનાભાઇને કુવા પાસે લાવી કોથળો ઉતરાવી મોરીયો બોલી ઉઠ્યો !

**મોરીયો**—એ કાકા ! લાવો લોટો હું પાણી ભરી લાઉં–તમે જરા નાછતો બાછતો કરી લો પેલી હારી અમણા આવી પોચશે ?

પટેલે મોરીઆના કહેવા મુજબ લોટો કાઢી આપ્યો. મોરીયો લોટો લઇ ચાલતો થયો. એટલે ધનાભાઇએ નસ્તાના બે ભાણા તૈયાર કર્યાં મોરીયો આવી પહોંચ્યો બન્ને જણા નાસ્તો કરવા બેસી ગયા.

આપણા ધનાભાઇએ ઉતાવળને લીધે ઢેખરાં ભાંગ્યા વગરજ આખુંને આખુ ફાંસીફસી મોઢામાં મહેલી દેવા માંડ્યું મોરીયો પણ વખણી વખણી ગોળપાપડી ગપાગપ ગટકાવવા મંડયો એટલામાં ટન–ટન–ટન–ટન–ઘંટાનો અવાજ સંભળાયો મોરીયો બોલી ઉઠ્યો

એ કાકા ઉતાવળ કરો હેલી આવી પોચી

પટેલે એકદમ હાથ ધોઇ નાંખ્યા. મોરીયો પટેલની રહેલી ગોળ પાપડી ગલોફામાં ઘલી લોટો લઇ ચાલતો થયો ઉપર ધુધવાડા બોલાવતી ગાડી આવી ઉભી રહી. મોરીયાને ગોળપાપડી ચાવતા વાર થઇ એટલે ધનાભાઇનો ગભરાટની સાથે બકબકાટ ચાલુ થયો.

**પટેલ**—એ હારો ગીઓ કંઇ ? હહગે રવડાવી મારશે કે હું ! છે હારાનું અજુ–ઠેકાણું! એ તારૂં છતીયાનાછ થાયરે મોરીયા આ હારા હયાં રહડી ચાયલા ! ઉં છેહલો જાગ તે બેહાઓ કંઇ ! એથાયું હુ–હહરીનો કેથે માથુ મુડવા બેહી ગયો કે હું ?

એટલામાં ટનટન, ટનટટન ફરી ઘંટો વાગ્યો અને સામેથી મોરીયો દેખાયો આવી પહોંચ્યો એટલે તુરત ધનાભાઇએ વધાવવા માંડ્યો.

એ હારા ગબરડી કાડ ! ગબરડી ! હારી ચાલી જતી છે ! હોફલો ફોફલો મોરીયો આવી પહોંચ્યો એટલે તુરત ધનાભાઇએ વધાવવા માંડ્યો.

ક્યંઇ ગયેલો હારા ગદ્ધા ! હેલી તારી દાદી કીયારની આવીને ઉભા રહ્યા છે. તે શરમ રાખવાની ઓહેં કે ! હદરા કેટલા ઘડા વાસણા હારા બેરો હૂંઠા ચાલ ઉતાવરો નીતો રહી જવાનો–હું છમજે !

મોરીયો—પાછ લેતા ગીએલોરે કાકા ! ઘડો તો હારો પાંચ મીલેટનો થયો ! ચાલો ચાલો, જલદી કરો તમોને બેછાડી દઉં.

ઉતાવળા ઉતાવળા બંને જણા દરવાજા નજીક આવી પહોંચ્યા–ટીકીટ બતાવી બંને પગથીએ દાદર ચઢી ઉપર આવ્યા. એક ઉપડા બારણાવાળા ખાનામાં ધનાભાઇને બેસાડી મોરીએ બારણું બંધ કર્યું સીટ સીટ, સીટીની સાથે એન્જીનનો વીસલ થયો અને ગાડી ચાલતી થઇ–મોરીયાએ પટેલને સલામ ભરી.

એ સલામ પટેલ કાકા આવજો !

## પ્રકરણ ૫ મું.

### હત તારા પરમેહરની ! કંઇની હારો

પ્રિય વાચક, પવનવેગે ગાડી સુરતનું સ્ટેશન છોડી પસાર થઇ ગઇ. મોરીયો ટગર, ટગર જોતો વીલે મોઢે પાછો ફર્યો. આપણા ધન ભાઇ મુંબઇ તરફ ચલતા માંડયા.

ધનાભાઇના કમ્પાર્ટમેન્ટમાં તેઓ સાથે ફક્ત ત્રણજ પેસેન્જરો હતા. જેમાં એક ચરોતર જીલ્લાના પાટીદાર ગ્રહસ્થ મોહનલાલ અને બીજા તેઓના મિત્ર ભુલાભાઇ હતા ભુલાભાઇ પણ પાટીદાર જ્ઞાતીના એક એજ્યુકેટેડ–જુવાન હતા. આ બંને પાટીદાર ગ્રહસ્થો જ્ઞાતિ અભિમાન સારૂ ધરાવતા–ભાઇઓની જીંદગી સુધારવા તેઓએ એક

પાટીદાર સુધારક સમાજ સ્થાપી હતી. જેમાં પ્રમુખસ્થાન અને સેક્રેટરીનો હોદ્દો આપણા મોહનલાલ ભોગવતા.

આ બાજુ ધનાભાઇ તો બેઠા ત્યારના કોથળો ખોળામાં રાખી -એકીટશે બત્તીની સામે ટગર ટગર જોઇ રહ્યા છે.

આ નવા મેકરના માણસને જોઇ આપણા મોહનલાલ અને ભુલાભાઇ વીચારમાં પડી ગયા. ઝટ ફેંસલો લાવવા મોહનલાલે ધનભાઇને પ્રશ્ન કર્યો ?

**મોહનલાલ**—ભાઇ આપનું નામ શુ ક્યાં પધારો છો.

**ધનાભાઈ**—મારૂં નામ ધનો અને મમ્મઇ જતા છીયે ભાય.

**મોહનલાલ**—ઠીક ભલે ક્યાં ઉતરવાના છો ?

**ધનાભાઈ**—એ હારૂ તેજ તો હેલુ હુ કેવાતુ છે ચક્ષી...ગેટ ચક્ષીગેટ.

મોહનલાલ અને ભુલાભાઇ હસી પડયા વધારે જાણવાની જીજ્ઞાસાથી મોહનલાલે ફરી ધનાભાઇને સવાલ કર્યો.

**મોહનલાલ**—ઠીક ત્યારે તો આપણો સંગાથ છે. વારૂ મુંબઇ શા માટે પધારો છો ક્યાંના રહીશ છો ને કેવા છો.

**ધનાભાઈ**—ઓ બાપરે હારૂ આટલુ બધું લાંબુ લપછીદાર જેવું પુછો તે ઉ હારો ગામડીયો હી રીતે જવાબ આલુ તમે તો માછ્તર છેઓ ને ઉનો હારો ગામડીયો છેમ છું છમજ્યા જો એક એક પુછો તો વેરે ખુલાછો કરૂં.

**મોહનલાલ**—ઠીક ભલે ભલે ભાઇ ગભરાશો નહિ લ્યો એક એક પુછુ આપ ક્યાંના રહીશ છો.

**ધનાભાઈ**—હુરતની પાછે બારડોલી કછબાના મોતા ગામમાં રેતા છાએ છું છમજ્યા ?

**મોહનલાલ**—શી ન્યાત છો?

**ધનાભાઇ**—કણબી! હેલી પટલીયા કેવાતા છેને તે છું જમજા?

કણબી શબ્દ સાંભળ્યો એટલે આપણા મોહનલાલ તો સડકજ થઇ ગયા. દમવનું કોણ જાણે કયાં ખસી ગયું અને હાય અને હુકેના સુસસકાર નીકળી ગયા

આવો મઝાનો તાકડો કંઇ આપણા ભુલાભાઇ ચુકે એવા નહોતા તુરતજ જુવાને ટચકો કર્યો

**ભુલાભાઇ**—લ્યો ભઇ એ તો તમારા જ્ઞાતી બધુંજ છે. કરો ભાઇ સાથે સમાગમ કે ઉધડે આંખ સુરત અને સુરત જીલ્લાના પાટીદાર બન્ધુઓના કારભાર કેમ ચાલી રહ્યા છે? કેમ મારા મોહનભાઇ મૌન્ય ધારણ કર્યું. બોલો તો ખરા મારા પાટીદાર સુધારક સમાજના સેક્રેટરી સાહેબ, કેમ આમ સુક ખાઇ ગયા, પુછો તો ખરા ભાઇને કે તેઓ 'લેઉવા પાટીદાર છે કે કડવા?

**મોહનલાલ**—ઠીક ભઇ ઠીક કરો મશ્કરી તમારો વખત છે વારૂ ધનાભાઇ આપ લેઉવા પાટીદાર છો કે કડવા?

**ધનાભાઇ**—કોણ હારો કડવો છે એ કડવાનું તમારે તેં ? શું જમજા અમે તો છારા માણહ છીએ ખબર ની ઓય–અમારી તો મો .....ટીનીવાત છે ને એવુ હારૂ કે બછ આમ બારમાપર બારમા ઉડે–લાકુ હેલા ગોર ગોર? ને ગધરા ગધરા આવતા છે તે? હારા લડવા? છુ જમજા ને વરી હુરતના છપાટા ની હાંભરા ઓય? તાંતો એવું હારૂ આમ–બછ દોહો મરી ગીયા કે ધારી દુધપાક? દોહી મરી ગઇ કે મગજ દુધપાક? છું જમજા? ને વરી એવુ હારૂ કે વઉ પછંદ ની પડી કે હેલા કાગરીયાપર છઇ કરી દેવાની કે ખલાછ. હુરાછેઆ છું જમજા? છે તમારે તેં એવું! ધંદા ઓય તીયારે!

આ મેટું લાંબુ ને લાંબુ લેક્ચર સાંભળી મોહનલાલ અને ભુલાભાઇ ખુબ હસ્યા, હસતા હસતાજ મોહનલાલ બોલ્યા.

**મોહનલાલ**—ભુલાભાઇ ? આ ગમાર કહે છે શું ?

**ભુલાભાઇ**—સત્ય કહે છે ભાઇ. અક્ષરે અક્ષર સાચો કહે છે મરણની મુબારકબાદીની મો......ટી ન્યાત જમાડે તેનું નામ બડેખાં ? વળી બે ચાર ઐરી બદલે ત્યારે તો સુરતના પાટીદાર અગ્રગણ્યની ગણત્રીમાં આવે ? ભાઈ સુરતની મુરત પાંપાએનું પીંજણ તો ઘણું લાંબુ છે વળી આગળ કોઇ વખત નવરાશમાં વાત

**મોહનલાલ**—વાહ ઠીક ભલે ' ભુલાભાઇ ? મારા ધારવા પ્રમાણે સુરતના લેઉવા પાટીદાર કરતા અમદાવાદી કડવા પાટીદાર કાંઇ સુધરેલા ખરા ?

**ભુલાભાઇ**—તો ' વાહ વાધો શું બિચારા લેઉવા પાટીદાર બધુઓએ મરણની ભોજન કીધાનો પ્રચાર બધ કર્યો ત્યારે આપણા સુધરેલા ભાઇઓએ દશાના લાડવા અને અગીઆરમાના દુધપાક પુરી ઉડાવવા શરૂ કર્યાં કહો કેવા બહુ દુર બંકા

**મોહનલાલ**—શું કહ્યું ભાઇ દશા અને અગીઆરમાં તે વળી શું !

**ભુલાભાઈ**—એ બધીએ હું તમને આગળ મુંબઇમાં કે ૭ દીવસ ફુરસદે વાત કરીશ. હાલ તો આ બિચારા ગામડીઆ ગમારનો કોથળો ઉતરાવો નહિ તો મુબઇ પોંચતાં અડધો થઇ જશે.

**મોહનભાઇ**—ભલે ભાઇ જેવી આપની મરજી ! ધનાભાઇ આ કોથળો ખોળામાથી નીચે મુકી દયોને. ખાલી શા માટે ભાર ઉપાડી રહ્યા છે.

**ધનાભાઇ**—હું કેતા છેઓ ! કોથળો નીચે મુકું ? હાહરાઓને ખબર નીં ઓય કે અંદર જોખમ ભરેલું છે.

મોહનલાલ—એમ બીજાઇ શું જાઓ છો જોખમ હેય તે કાઢી ઓસીકે મુકો. પણ બીજું સામાન તો નીચે રાખી દયો. ભલા માણસ તમને બેસવુ સુગમ પડે.

ધનાભાઈ—અં-હં-નીરે ભાઇ હારૂ બધુજ જોખમ? કાકુ હુ ને રૈવા હું દઉં.

મોહનલાલ—વારૂ એટલુ બધું તે શું જોખમ આપો કોથળો ભરી ઉપાડી લાવ્યા છો?

ધનાભાઈ—હું કેમ હારૂ? જુઓ ગણો દેબરાં છે? તળેલા પાપડનો ચુરો છે! ગોરપાપડી છે? વરી બેચાર જાતના આથણાં છે છું છમજા?

મોહનલાલ—બહુ સમજા મહેરબાની કરી રાખી દયો કોથળો નીચે મુકી દેઓ તમારા એ સામાનનું જોખમ મારે માથે. તમને તમારો કોથળો ચર્નીરોડના સ્ટેશને સહી સલામત સોંપવો પછી છે કાંઇ વાંધો લ્યો આ વચન.

મોહનલાલે ધનાપટેલને વચન આપ્યું એટલે કોથળો નીચે મુકી પટેલ બત્તી સામે આંગળી કરી બોલી ઉઠયા—

એ હાથ ઓ હે......હુ લપક લપક થીયા કરતુ છે તે હુ છે હારૂં કીયારનુ ઉ બેડો તીયારનુ લપકીયાંજ કરતુ છે? ભલી ભલી જાતના જાનવર જોયા પણ આ તું તો હારૂ દીઠેલુજ નઇ! હુ છમજા? હારી વીલાતી ચકલી છે કે હું!

મોહનલાલ અને સુલાભાઇ ખડખડ હસી પડયા.

વાહ ખુબ કરી ધનાભાઇ આખર કરી ખાતમ કરી નાખી તમારા જેવો પેસેન્જર અમને અગારી જીંદગીમાં મલ્યો નથી. હસવી હસાવી

અમારો જીવ લેવા ધાર્યું છે કે શું છે ? ભલા માણસ એ તો બત્તી છે બત્તી હવે.

**પટેલ**—એયની ? ધુમો કંઇ નીનીકરતો, ગાશતેલના ખડીયામાંથી તો ધુમો નીકરે ધુમો ? શું છમજ્યા ? આ તો હરૂ તમે મને ફ્રમાવતા છેઓ.

**મોહનલાલ**—તે આને શું કાંઇ ગ્યાસલેટનો ખડીયો છે જે ધુમાડો નીકળે. આ તો ઇલેક્ટ્રીક ! ઇલેક્ટ્રીક.

**પટેલ**—એમ તારી માની એક અસતરી ફાડુ ? હારી આવી ? વાહરે ભાઇ વાહ ? હાહરી ગડીવારી છરકાર તેંતો કંઇ કંઇ બનાવી લાઇખું દેખું ? શું છમજ્યા.

એટલામાં વાયુવેગે વહન કરતી પેસેન્જર ટ્રેન હમણુ સ્ટેશન ઉપર આવી ઉભી રહી. ધનાભાઇ ગભરાઇ બોલી ઉઠયા હારૂ આમ્બુ કે હુ ?

**મોહનલાલ**—નહિ ભાઇ આ તો હમણુ છે મુંબઇ તો સવારમાં આવશે હવે સુખેથી સુઇ જાઓ જુવો વખત ઘણો થઇ ગયો છે એમ કહી આપણા મોહનલાલ અને ભુલાભાઇ પોતાના બીસ્તરા ઉપર સુઇ ગયા

ધનાભાઇ પણ એક બાજુ સુતા સુતા વિચાર કરવા લાગયા.

હવારમાં હારૂં મુમ્મઇ આવહે આપડે તો તાં રોફ્બંધજ ઉતરહું ? ચાલહુ પણ હુરતી ! એકજ દાડામાં આખા મમ્મઇને હારાને ઉંધુ વારવુ છે ! હારી હવાર કેમની પડતી ! હારો પરમેહર પણ ઉંધો દેહું વેલો હવાર પડનોની ? જો હારી અજુ પડી નઇ—

**હત તારા પરમેહરની ! કંઇની હારો.**

એમ લવારો કરતાં આપણા ધનાભાઇ નીંદ્રાદેવીને આધીન થયા હવે સાહેબજી હવે તો મળજો ધનાભાઇને મુમ્બઇમાં.

# સમાપ્ત.

## ઘર ઘરનો શણગાર

# ચતુર સુંદર સ્ત્રી વિલાસ

અથવા

# મનહર સરળ ગરબાવળી

## મુલ્ય માત્ર દશ આના

આ ગરબાવળી આધુનિક સમયને અનુસરી પ્રગટ કરવામાં આવી છે જેની અંદર ગૃહસ્થ સ્ત્રીઓ અને બાળાઓને આપવામાં આવતું સંગીતનું જ્ઞાન જેને માટે ઓછતા ઉપયોગી ગાયનો, ગઝલો, ગરબાઓ વિગેરેનો મોટો સંગ્રહ કરવામાં આવ્યો છે જેમાં સીતાજીની કાંચળી વૈદરભી વનવાસ સત્યભામાનું રૂસણું, રાધાજીના વિવાહ, લગ્નના ગીત, અઘરણીના મોસાળા, જનોઇ વીગેરે વખતને અનુસરી એટલી તો ઉપયોગી બનાવી છે તેના પ્રમાણમાં કીમત કાંઇજ નથી. ગ્લેઝડ કાગળ ઉત્તમ આર્ટપેપરના ટાઇટલ સાથે.

આજેજ લખો,

**ધી "ગુજરાતી" સાહિત્ય મંદિર**

**સલાબતપુરા–સુરત.**